ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૮ ટકા

ગાંધીનગર તાપમાન

આવતીકાલે 'પીડ પરાઈ જાણે રે કાર્યક્રમ' યોજાશે

ગાંધી જયંતિ નિમિત્તે કલાગુર્જરી ગાંધીનગર દ્વારા સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન સૂર અને શબ્દથી ગાંધી ભાવવંદના જે પીડ પરાઈ જાણે રે કાર્યક્રમ યોજાશે : શહેરીજનો ઓનલાઈન કાર્યક્રમ નિહાળી શકે તે માટે જરૂરી એપ્લીકેશન ડાઉનલોડ કરવા અપીલ

ગાંધીનગર, તા.૩૦

ગાંધી જયંતિ નિમિત્તે કલાગુર્જરી ગાંધીનગર દ્વારા તા. ૨ ઓકટોબરના રોજ સતત ૧૪મા વર્ષે સુર અને શબ્દોના માધ્યમથી સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ દર વર્ષની જેમ ખુલ્લા મેદાનમાં મંચ પર જ યોજાશે પરંતુ કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈ શ્રોતાઓની હાજરી નહી હોય. ગાંધીજીની ૧૫૧મી જયંતિ નિમિત્તે ગાંધીનગરવાસીઓ સહિત સૌ ગાંધી પ્રેમીઓ દ્વારા પુ. બાપુને ભાવાંજલિ અર્પણ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઈ-ટીવી ભારતના પોર્ટલ દ્વારા કરવામાં આવશે. સંસ્થા દ્વારા સૌ ગાંધી પ્રેમીઓને એપ્લીકેશન ડાઉનલોડ કરવા જણાવાયું છે.

ગાંધીનગર કલાગુર્જરીના પેટ્રન મહેન્દ્ર ત્રિવેદીના જણાવ્યા અનુસાર પૂ. મહાત્મા ગાંધીના જન્મદિવસ નિમિત્તે તા. ૨ ઓકટોબરના રોજ સંસ્થા દ્વારા અહિંસાના પુજારી ગાંધીજીને ભાવાંજલિ અર્પણ કરવા અર્થે પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમનું આયોજન સતત ૧૪મા વર્ષે ગાંધીજીની ભાવવંદના અન્યવે કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ ખુલ્લા મેદાનમાં મંચ પર જ આ કાર્યક્રમ યોજાશે પણ કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈને શ્રોતાઓની હાજરી નહિ હોય. પરંતુ ઈટીવી એપ્લીકેશન, વેબ પોર્ટલ અને ડીટુએચના માધ્યમથી આ કાર્યક્રમ નિહાળી શકાશે. ગાંધી જયંતિની ઉજવણી અંતર્ગત યોજનાર આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ આંતરરાષ્ટ્રીય કલાકાર ઓસમાણ મીર તેમજ તેમના વૃંદ દ્વારા ભજનો અને ગીતો રજુ કરવામાં આવશે. આ કાર્યક્રમના ઉદઘોષક તરીકે ડૉ. માર્ગી હાથી સેવા આપશે. આ કાર્યક્રમની પ્રસ્તુતી સવારે ૬.૩૦ થી ૮.૩૦ દરમિયાન ખુલ્લા મેદાનમાં મંચ પરથી કાર્યક્રમ પ્રસ્તુત થશે જયારે તેનું જીવંત પ્રસારણ ઈટીવી ભારતના પોર્ટલ દ્વારા કરવામાં આવશે ઉપરાંત ડીટુએચ પર વંદે ગુજરાતમાં ચેનલ નં.૧ પર, જીઓ ટીવી એપ્લીકેશન પર પણ વંદે ગુજરાત ચેનલ નં.૧તથા જીટીપીએલ ચેનલ નં. ૨૮૨ પર પણ જીવંત પ્રસારણ નિહળી શકાશે. નગરજનોને આ કાર્યક્રમ નિહાળવા માટે ઈટીવી ભારતના પોર્ટલ કે જરુરી એપ્લીકેશન ડાઉનલોડ કરવા જણાવાયું છે.

વરસાદે છેલ્લા કેટલાક સમયથી પોરો ખાધો છે. વરસાદ બંધ થતાં બફારો વધ્યો છે. પરંતુ આ વર્ષે ખૂબ વરસાદ વરસ્યો હોવાથી વરસાદ બાબતે હવે કોઈ ખાસ ફરિયાદ નથી. એવું લાગી રહ્યું છે કે હવે ચોમાસાએ વિદાય લીધી છે. જો કે હજુ આકાશમાં છુટાછવાયા વાદળોની અવરજવર ચાલુ રહી છે. આ અવરજવર વચ્ચે સૂર્યની સંતાકુકડી અદભુત દેશ્ય ખડુ કરી રહી છે.

હાથરસની પિડીતાને ન્યાય માટે કેન્ડલ માર્ચ યોજાઈ

કેન્ડલ માર્ચમાં ગાંધીનગર અનેક યુવાનો જોડાયાં

ગાંધીનગર તા. ૩૦

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લા ખાતે એક માસૂમ દીકરી પર બળાત્કાર કરી તેને મોતને ઘાટ ઉતારવાની ઘાતકી ઘટના સર્જાવા પામી છે. આ બર્બરતાપૂર્ણ ઘટનાની પિડીતાને ન્યાય મળે તે માટે આજે સાંજે ૭:૦૦ કલાકે સેકટર-૧૫ની બાજુમાં સ્વર્ણિમ પાર્ક માં ખાતે કેન્ડલ માર્ચ યોજાઈ હતી.

હાથરસમાં બનેલી દુ:ખદ ઘટના જેમાં દેશની દીકરી મનિષા સાથે થયેલા અન્યાયને પગલે યોજાયેલી કેન્ડલ માર્ચમાં નાગરિકોએ પિડીતાને સત્વરે ન્યાય મળે તે માટેની માંગ સાથે પિડીતાને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. કેન્ડલ માર્ચમાં ગાંધીનગર અનેક યુવાનો જોડાયાં હતા અને દેશમાં ફરી કોઈ દિકરી સાથે આવી જઘન્ય ઘટના ના બને તે માટે તેમના ગુનેગારોને ફાંસીની સજા કરવામાં આવે તેવી માંગ કરી હતી.

'સાઈ'ના નવા લોગોનું વર્ચ્યુઅલ લોન્ચિંગ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સહિત ભારતભરમાં એથ્લેટિકસ સહિતની ઑલ્મ્પિક રમતો ઉપરાંત કબડ્ડી જેવી રમતો ઉત્કૃષ્ઠ ખેલ પ્રતિભાઓની શોધ કરી તેમને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યશસ્વી પ્રદર્શન માટે તૈયાર કરતા કેન્દ્ર સરકાર સંચાલિત ભારતીય ખેલ પ્રાધિકરણ એટલે કે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા જેને ટૂંકમાં 'સાઈ' તરીકે ઓળખવામાં આવે છે જેના નવા લોગોનું આજે વર્ચ્યુઅલ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ લોગોનું અનાવરણ આજે બપોરે ૪ કલાકે કેન્દ્રિય રમતગમત અને યુવા પ્રવૃત્તિઓના મંત્રી કિરણ રિજિજુના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ ઝૂમ એપ દ્વારા યોજવામાં આવ્યો હતો અને તે સાથે સાઈએ તેની નવી ઓળખ પ્રાપ્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાઈના સેન્ટર્સ દેશભરમાં છે અને ગાંધીનગર ખાતે સાઈનું નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર છે જે સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર ધરાવવા સાથે પેરાલ્મિક રમતો માટે સેન્ટર ઓફ એકસેલન્સ તરીકે વિકસાવાઈ રહ્યું છે. આ ઉપરાંત સાઈનું ગાંધીનગર સેન્ટર કબડ્ડી કોચીંગમાં દેશભરમાં નામના ધરાવે છે. આ ઉપરાંત અન્ય રમતોના તાલીમ વર્ગો પણ અહીં ચલાવવામાં આવે છે જેમાં બાળ પ્રતિભાઓને નિવાસી તાલીમ આપવામાં આવે છે અને તેમને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમવા અત્યાધુનિક સુવિધાઓ સાથે વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર કરવામાં આવે છે.

ગુજરાત રાજય તલાટી મહામંડળના આદેશ અન્વયે ગાંધીનગર જિલ્લા તલાટી મંડળના હોદ્દેદારોએ ગાંધીનગરના મે. જિલ્લા વિકાસ અધિકારીને ઈ-ટાસ એપ્લીકેશન, થમ્બ ઈમ્પ્રેશન, ઈલેકટ્રોનિકસથી હાજરી ન પુરવા અને વોટસએપ ગ્રુપનો ઉપયોગ ન કરવા તલાટી મંડળના નિર્ણયની જાણ કરી. આ ઉપરાંત આ આદેશનું જિલ્લા તલાટી મંડળ તથા જિલ્લાના તમામ તલાટીઓ પાલન કરશે તેમ ગાંધીનગર જિલ્લા પંચાયતને જાણ કરવામાં આવી.

સે-૩ ન્યુ ખાતેથી ૨૨ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૩ ન્યુ ખાતે મેદાન નજીકથી ૨૨ બોટલ દારૂ સાથે યુવકને પોલીસે ઝડપી પાડી યુવક સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરની સેકટર-૭ પોલીસને સેકટર-૩ એ ન્યુ મેદાન ખાતે કારમાં દારૂનો વેપાર થાય છે તેવી બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જી.જે.૦૧.એચ.જે.-૭૪૦૩ નંબરની અલ્ટો કાર મળી આવી હતી. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૪ બોટલ મળી આવી હતી. પોલીલે કારમાં બેઠેલા યુવકનું નામ પુછતા તેણે આશિષ ડાહ્યાભાઈ પરમાર (ઉં.૨૭ મુળ-ડભોડા), હોવાનું સામે આવ્યું હતું. પોલીસે યુવકને બીજા મુદ્દામાલ અંગે પુછતાછ કરતા તેણે ઘરે હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પોલીસે ઘરે જઈને તપાસ કરતા માળીયામાંથી બે બોકસ મળ્યા હતા. જેમાં એક બોકસમાં દારૂની ૬ બોટલ અને બીજામાં ૧૨ બોટલ મળી આવી હતી. પોલીસે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી દારૂનો જથ્થો કયાંથી લાવ્યો હતો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

પૂ. બાપુનું ૧૫૦મું જન્મજયંતિનું વર્ષ તો ઉજવ્યું પણ 'સ્વચ્છ ભારત'નું સ્વપ્ન કયારે સાકાર થશે?

ગાંધીનગર, તા.૩૦

આગામી તા. ૨જી ઓકટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ ઉજવાશે તે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂ. બાપુના ૧૫૦મા જન્મજયંતિ વર્ષની ઉજવણી સ્વચ્છતા અભિયાન થકી પ્રારંભ કરાવી હતી તેનું સમાપન થશે. જો કે સમગ્ર વર્ષ દરમિયાન કેન્દ્રથી માંડીને રાજય સકાર અને પંચાયતો સુધીના સમગ્ર સરકારી તંત્ર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત વર્ષભર કરવામાં આવેલી સ્વચ્છતા અભિયાનની ઉજવણીનું પરિણામ જોઈએ તો ધાર્યા મુજબ પ્રાપ્ત થયું હોવાનું જણાતું નથી.

'સ્વચ્છ ભારત' આ બે શબ્દો ગાંધીજીના ચશમામાં લખ્યા હોય તેવા લોગો સાથે વડાપ્રધાન દ્વારા શરુ કરવામાં આવેલી પૂ. બાપુની ૧૫૦મા જન્મજયંતિ વર્ષની ઉજવણી દરમિયાન દેશભરમાં સફાઈ કાર્યના આયોજનો થયા જેમાં વડાપ્રધાનથી માંડીને કેન્દ્રિયમંત્રીઓ, મુખ્યમંત્રીઓ, રાજયમંત્રીઓ વગેરેથી માંડીને અધિકારીઓ-કર્મચારીઓ, રાજકીય પક્ષો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક, બિન શૈક્ષણિક સંકુલો, સરકારી-અર્ધસરકારી કચેરીઓ, પંચાયતો, ખાનગી કંપનીઓ, સહકારી મંડળીઓ, બોર્ડ કોર્પોરેશન વગેરે તમામ જોડાયા અને આ ઉજવણીમાં સ્વૈચ્છિક સફાઈ કાર્યોથી માંડીને ચિત્ર સ્પર્ધાઓ, સ્વચ્છતા શપથ ગ્રહણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્ય નાટિકા, ભવાઈ, ગીતો વગેરે સહિત અનેકવિધ રીતે સ્વચ્છતાને અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો. જેની પાછળ કેન્દ્રથી માંડીને રાજય સરકારે અબજો રૂપિયાનો ધુમાડો પણ કર્યો પરંતુ આખું વર્ષ આટલી જહેમત ઉઠાવ્યા પછી પણ સરેરાશ નાગરિકને સ્વચ્છતા આગ્રહી બનાવવામાં કે સફાઈ માટે જવાબદાર તંત્ર દ્વારા ગામ, નગર કે શહેરમાં સ્વચ્છતા જાળવણીનું અસરકારક કાર્ય નિયમિત પણે થાય તેવી સ્થિતિ પેદા કરી શકાઈજણાતી નથી. કેટલેક ઠેકાણે તો રાજકીય નેતાઓ દ્વારા કચરો ફેંકીને પછી તેની સફાઈ કરવાનો ઢોંગ કરી માધ્યમોમાં ચમકવાના નીંદનીય પ્રયાસો પણ કરવામાં આવ્યા જેના કારણે પ્રજા માનસમાં નકારાત્મકતા પણ પ્રસરવા પામી આ સાથે હજુ પણ આપણી આસપાસ કચરાના ઢગ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે જે સ્વચ્છ ભારતના સ્વપ્નને દૂર ધકેલી રહ્યા છે.

જો કે સ્વચ્છતા અભિયાન સાવ એળે ગયું હોય તેવું પણ નથી થયું. નવી પેઢીમાં સ્વચ્છતા જાળવણી બાબતે સભાનતા વધતી જણાઈ છે. ગંદકી ફેલાવનારને જાહેરમાં ટોકવાની હિંમત નાગરિકોમાં વધી છે, જાહેર સ્થળોએ સ્વચ્છતા બાબતે તંત્રએ દાખવેલી બેદરકારી સામે અવાજ ઉઠવા પામી રહ્યા છે. તેમજ સફાઈ કર્મચારીઓ પ્રત્યે સન્માનિત ભાવનામાં પણ વધારો થયો છે. જો કે હજુ પણ સફાઈ કર્મચારીઓ માટે આધુનિક સાધનો, સુરક્ષાના સાધનો વગેરે પુરા પાડવાની બાબતમાં સરકારી તંત્ર ઉણું ઉતર્યું છે જે બાતે હજુ પણ સરકારે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. સરવાળે 'ગાંધી જયંતિ'ની ઉજવણી તો ધામધૂમથી થશે પરંતુ ગાંધીજીએ આપેલા વિચારને આત્મસાત કરતાં હજુ કેટલાં વર્ષો લાગશે તે કહી શકાય તેમ નથી.

વસાહત મહાસંઘ પૂ. બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આગામી તા. ૨જી ઓકટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે સવારે ૯ કલાકે નવા સચિવાલય સંકુલમાં વિધાનસભા સામે પૂ. ગાંધી બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સંસ્થાના દરેક હોદ્દેદારો તથા કારોબારી સભ્ય તેમજ શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ફરજિયાત માસ્ક સાથે સોશ્યલ ડિસ્ટન્સ સહિતની કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે તેવુ શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે.

રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે પૂજય બાપુના પુસ્તકોનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું

ગાંધીનગર, તા.૩૦

રાજય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે પૂજય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની બીજી વાર્ષિક ઉજવણી ૨જી ઓકટોબરના રોજ પૂર્ણ થઈ રહી છે ત્યારે સમાપનના ભાગરૂપે રાજય મધ્યસ્થ ગ્રંથાયલ ગાંધીનગર ખાતે પૂજય બાપુના પુસ્તકોનું એક પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં બાપુએ લખેલા પુસ્તકો તથા બાપુ પર લખાયેલા પુસ્તકો જોવા મળશે. મધ્યસ્થ ગ્રંથાલયના ગ્રંથપાલ નરેશ પંડયા દ્વારા ગાંધીનગરના તમામ શહેરીજનોને સરકારની કોવિડ ગાઈડલાઈનનું પાલન કરીને પૂજય બાપુના પુસ્તકોનું પ્રદર્શન નિહાળવા માટે જણાવાયું છે.

ઉવારસદ ફાટક પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ઉવારસદ ગામના ફાટક પાસેથી બાઈકની ચોરી થવા પામી છે. સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા યુવકનું બાઈક સવારના સમયે ચોરી થયુ હતું. યુવકે અડાલજ પોલીસ મથકે રૂ.૮૦ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે રહેતા દિલિપભાઈ રામભાઈ પ્રજાપતિ કોન્ટ્રાકટ બેઝ પર સિકયોરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. ગત તા.૨૮ ના રોજ યુવકની નોકરી ઉવારસદ ફાટક પાસે હતી. જેથી યુવકે રેલ્વે ફાટક પાસે આવેલી કેબીનની બાજુમાં પલ્સર બાઈક નં. જી.જે.૦૯.ડી.જી.-૩૬૧૭ મુક્યુ હતું. સવારના સુમારે તે યુવક બાથરૂમ માટે ખેતરમાં ગયો હતો. અડધા કલાક બાદ તે યુવક પાછો ફર્યો ત્યારે સ્થળ પરથી બાઈકની ઉઠાંતરી થવા પામી હતી. યુવકે બાઈક બે માસ પહેલા જ હપ્તાથી લીધુ હતું. યુવકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

૧૩ વાહનો ચોરી કરનાર રીઢો વાહનચોર ઝડપાયો

ગાંધીનગરના ૭ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર અને અમદાવાદમાં ૧૩ ટુ-વ્હીલર વાહનોની ચોરી કરી હાહાકાર મચાવનાર રીઢા વાહનચોરને એલસીબી પોલીસે દબોચી લીધો છે. જયારે પોલીસે ચોરીનો સામાન ખરીદનાર શખ્સને પણ પકડી પાડ્યો છે. રીઢો વાહનચોર માત્ર ૧૫૦૦ થી ૧૭૦૦ જેવી મામુલી રકમમાં ચોરીના વાહનો વેચી મારતો હતો. ચોરીના વાહનો સસ્તા ભાવે ખરીદી કરીને તેના તમામ સ્પેર પાર્ટસ છુટા પાડી દેવાતા હતા. ત્યારબાદ ગેરેજમાં સ્પેરપાર્ટસ અન્ય વાહનમાં ઉપયોગમાં લેવાતા હતા. જયારે અન્ય વધેલા બિનઉપયોગી સ્પેરપાર્ટસ ભંગાર તરીકે વેચી મારતા હતા. એલસીબી પોલીસે એકટીવા, પ્લેઝર સાથે બે શખ્સોને પકડી પાડી ગાંધીનગર જિલ્લાના ૭ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

મળતી માહિતી મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે એએસઆઈ હરદેવસિંહ, કોન્સ્ટેબલ કેવલસિંહ અને સુરેન્દ્રસિંહને આરોપી અંગે બાતમી

મળી હતી કે એક શખ્સ ગ્રે કલરનું એકટીવા લઈને ગાંધીનગર તરફથી આવી લોદરા-રંગપુર ચાર રસ્તા થઈ લોદરા ગામ જવાનો છે અને તે એકટીવા ચોરીનું છે. જેને પગલે પીએસઆઈ એસ.પી.જાડેજા તેમજ ટીમના જવાનો લોદરા-રંગપુર ચાર રસ્તા પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે દરમિયાન એક શખ્સ બાતમીવાળુ એકટીવા લઈને આવતા તે એકટીવા રોકીને ચાલકનુ નામ પુછ્યું હતું. જેથી ચાલકે કલ્પેશ અંબાલાલ પટેલ (રહે.વસઈ ગામ તા.વિજાપુર) જણાવ્યું હતું. જયારે એકટીવાને નંબર પ્લેટ ન હતી. પરંતુ રેડીયમ નંબરવાળુ સ્ટીકર લગાવીને જી.જે.૦૧.ઈ.વી.-૨૮૪૫ નંબર લખ્યો હતો. પોલીસે કલ્પેશ પટેલને એકટીવા અંગે પુછતાછ કરતા સંતોષકારક જવાબ આપ્યો ન હતો.જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા યુવકે ૧૫ દિવસ પહેલા ગાંધીનગરની ટાટા ચોકડી પાસેથી એકટીવાની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે પોલીસથી બચવા માટે પોતાના કૌંટુબિક ભાઈના એકટીવાનો નંબર લગાવીને ફરતો હતો. જયારે તા.૨૨ ના રોજ વૈષ્ણોદેવી સર્કલ નજીક સર્વિસ માર્ગ પરથી એક કાળા કલરનું પ્લેઝરની ચોરી કરી હતી. તે ચોરી કરેલ પ્લેઝર તેણે લોદરા ખાતે રહેતા કૈલાશભાઈ નાથુજી ખટીકને આપ્યું હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ લોદરા ગામે પહોચીને કૈલાસભાઈના ઘરની દિવાલને અડીને કંતાનના કોથળા નીચે ઢાંકેલ પ્લેઝર જપ્ત કરીને કૈલાશને દબોચી લીધો હતો.

જયારે કલ્પેશ ડુપ્લીકેટ ચાવીથી વાહન ચોરીને કૈલાસ તેમજ તેના ભાઈ પુનમને નજીવી કિમતે વેચી મારતો હતો ત્યારબાદ બંને ભાઈઓ વાહનના સ્પેર પાર્ટસ અલગ કરી દેતા હતા. ત્યારબાદ અન્ય વાહનમાં સ્પેર પાર્ટસ લગાવતા હતા અને બાકીનો સામાન ભંગાર તરીકે વેચી મારીને નફો રળતા હતા. ગાંધીનગરના સેકટર-૨૧, ૭ અને અડાલજ પોલીસ મથક વિસ્તારમાંથી કલ્પેશે ટુ વ્હીલર ચોરી કર્યા હતા.

અડાલજ-પોર માર્ગ પર માલવાહક રીક્ષાની ટક્કરે મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૦

અડાલજ પોર માર્ગ પર માલવાહક રીક્ષાની ટક્કરે લાકડા લઈને પસાર થઈ રહેલી મહિલાનું મૃત્યુ નિપજયુ હતું. રીક્ષાની ટક્કરે મહિલાના પેટ, માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગે ઈજા પહોચતા તેણીને તાત્કાલીક અડાલજ અને ત્યાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયા હાજર ડોકટર દ્વારા તેઓને મૃત જાહેર કર્યા હતા.

મળતી વિગત મુજબ પોર ગામના કોકિલાબેન નાથાજી ચાવડા ગામના અન્ય એક મહિલા સાથે બળતણ માટે લાકડા લેવા માટે નીકળ્યા હતા. બપોરના સમયે તેઓ લાકડાનો ભારો લઈને પરત આવી રહ્યા હતા તે સમયે અડાલજથી પોર માર્ગ પર ફાર્મ હાઉસથી થોડા અંતરે એક માલવાહક રીક્ષા ચાલકે કોકીલાબેનને ટક્કર મારી હતી. આ સમયે ગામના વીસાજી ભીખાજી ઠાકોર ત્યાંથી પસાર થતા હતા. અખસ્માતનો અવાજ સાંભળીને તેઓ બનાવ સ્થળ પર પહોંચી ગયા હતા.તેઓ ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલીક અડાલજ સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે ગાંધીનગર ખાતે મોકલી આપ્યા હતા. જેને પગલે ખાનગી વાહનમાં જ તેઓને સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના હાજર ડોકટર દ્વારા તપાસ કરીને કોકિલા બેનને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે વીસાજી ઠાકોરની ફરીયાદને પગલે પોલીસે જી.જે.૦૧.બી.એકસ.-૮૪૬૯ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મહિલાઓ આર્થિક રીતે પગભર થઈ શકે તે માટે ઠેર ઠેર સખી મંડળોની સ્થાપના કરવામાં આવી છે. આ સખી મંડળો વિવિધ પ્રકારની ચીજવસ્તુઓનું વ્યાજબી ભાવે વેચાણ કરી આવક પ્રાપ્ત કરે છે. ગાંધીનગર મનપા દ્વારા શહેરના સખી મંડળને સેકટર-૨૧ શાકમાર્કેટ પાસે સ્ટોલ ફાળવવામાં આવ્યો છે. આ સ્ટોલમાં માસ્ક, કાપડની થેલી, તોરણ, પગલુછણીયા, ચણીયાચોળી ઉપરાંત ગૃહઉદ્યોગની ઘણી ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. ખૂબ જ વ્યાજબી કિંમતે તેનું વેચાણ થતું હોવાથી મહિલાઓની અહીં ભીડ જોવા મળે છે.

ચિરવિદાય

- સ્વ. પટેલ લાલભાઈ શંકરલાલ, ઉ.વ. ૭૦, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રાવલ ગોદાવરીબેન બાબુલાલ, ઉ.વ. ૭૭, લોદરા, તા. માણસા
- સ્વ. રંજનબેન વિનોદભાઈ પરમાર, ઉ.વ. ૬૭, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. મોરી ભવાનભાઈ રાયમલભાઈ, ઉ.વ. ૭૭, રામપુરા, તા. વઢવાણ, સુરેન્દ્રનગર
- સ્વ. પટેલ અંબાલાલ બબલદાસ, ઉ.વ. ૭૨, બોન્ટાઈ, તા. દેત્રોજ, અમદાવાદ
- સ્વ. મોહનસિંગ કલરા, ઉ.વ. ૮૮, ગાંધીનગર
- સ્વ. નિસર્ગ રઘુભાઈ સોલંકી, ઉ.વ. ૩૨, સેકટર-૨, ગાંધીનગર